પૂર્વ થાઇલેન્ડના મ્યુઝિક પબમાં આગ લાગતા ઓછામાં ઓછા ૧૪નાં મોત

ડઝનબંધ લોકોને ઇજા, લોકો સંગીત સાથે પીવાની મોજ માણી રહ્યા હતા તે સમયે મધરાત પછી આગ ફાટી નિકળી

આગનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી, આગ ખૂબ જ ઝડપથી પ્રસરી ગઇ

બેંગકોક, તા. ૫(એપી): પૂર્વીય થાઇલેન્ડના એક ભીડભર્યા મ્યુઝિક પબમાં આજે વહેલી સવારે આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા ૧૪ જણાનાં મોત થયા હતા તથા અન્ય ડઝનબંધ લોકોને ઇજા થઇ હતી એમ પોલીસ અને રેસ્ક્યુ કાર્યકરોએ જણાવ્યું હતું.

સોશ્યલ મીડિયા પર ફરતા વિડીયોએ દર્શાવ્યું હતું કે લોકો આ પબમાંથી ભાગી રહ્યા હતા જ્યારે કે તેના દરવાજામાંથી ગાઢ કાળો ધુમાડો નિકળી રહ્યો હતો અને જેમાંથી લોકો ભાગી રહ્યા હતા તે પ્રવેશદ્વાર પણ થોડી જ વારમાં આગમાં સપડાઇ ગયું હતું. પબમાંથી બહાર નિકળતા ઘણા લોકોના વસ્ત્રો સળગી રહેલા જણાતા હતા. રેસ્ક્યુ કાર્યકરોએ જણાવ્યું હતું કે ત્રણ ડઝન કરતા વધુ લોકોને ઇજા થઇ હતી. ચોનબુરી પ્રાંતના સત્તાધીપ જિલ્લામાં આવેલ માઉન્ટેન બી નામના આ પબમાં ફાટી નિકળેલી આગનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી, તે રાજધાની બેંગકોકથી ૧૬૦ કિમી જેટલા અંતરે છે. આગના કારણ અંગે તપાસ ચાલી રહી છે એમ પ્રાંતીય પોલીસ વડાએ પીપીટીવીને જણાવ્યું હતું. પબના માલિક અને સ્ટાફના નિવેદન લેવાઇ રહ્યા છે અને પુરાવા ભેગા કરવા માટે પોલીસની ફોરેન્સિક ટીમ સ્થળ પર પહોંચી છે એમ તેમણે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આગ મધરાત પછી ૧૨.૪૫ કલાકે લાગી હતી. સ્ટેજના જમણી બાજુના ખૂણા પરથી આગ શરૂ થઇ હતી એમ એક નજરે જોનારાએ જણાવ્યું હતું. ગાયકે પણ આ જોયું હશે અને તેણે આગ... એવી બૂમ પાડીને માઇક ફેંકી દીધું હતું. આ પબમાં આગ પકડી શકે તેવી સામગ્રી વડે સાઉન્ડપ્રુફિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આગ ખૂબ જ ઝડપથી ફેલાઇ ગઇ હતી.

ઇડીએ ક્રિપ્ટો એક્સચેન્જ વઝિરએક્સના રૂ. ૬૪ કરોડના ભંડોળો ફ્રીઝ કર્યા

આ ક્રિપ્ટોએક્સચેન્જ લોકોને બરબાદ કરતા ઇન્સ્ટન્ટ લોન એપ્સને સાથ આપતું હોવાની શંકા

નવી દિલ્હી, તા. ૫(પીટીઆઇ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ(ઇડી)એ આજે જણાવ્યું હતું કે તેણે ભારતના સૌથી પીઢ ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જોમાંના એક એવા વઝિરએક્સના રૂ. ૬૪.૬૭ કરોડની બેંક થાપણો તેની મની લોન્ડરિંગની ચાલતી તપાસના ભાગરૂપે સ્થગિત કર્યા છે, જે તપાસ સ્માર્ટફોન પર લોન આપતા કેટલાક ફ્રોડ એપ્સ સામે કરવામાં આવી રહી છે જે એપ્સને ચીની ભંડોળોનો ટેકો હોવાનું કહેવાય છે. આ ફેડરલ એજન્સીએ જણાવ્યું હતું કે તેણે સમીર મહાત્રેના સ્થળો પર દરોડા પાડ્યા હતા, જે મહાત્રે ઝનમાઇ લેબ પ્રાઇવેટ લિમિટેડ(વઝિરએક્સની માલિક કંપની)નો ડાયરેકટર છે. તે માહિતી આપતો ન હતો અને તપાસમાં સહકાર આપતો ન હતો તેથી ત્રીજી ઓગસ્ટે તેના પર દરોડા પાડવામાં આવ્યા હતા એ મુજબ એજન્સીએ જણાવ્યું હતું. ઇડીએ જણાવ્યું હતું કે તેને જણાયું છે કે સંખ્યાબંધ ફીનટેક કંપનીઓ મોબાઇલ એપ્સ દ્વારા દેશમાં શિકારવૃત્તિવાળા ધિરાણમાં સંડોવાયેલી છે અને તેમણે તેમના મહત્તમ ભંડોળો વઝિરએક્સ તથા ક્રિપ્ટો મિલકતો તરફ વાળ્યા છે જેથી તેમને અજાણ્યા વિદેશી વોલેટ્સ તરફ વાળી શકાય. ઇન્સ્ટન્ટ લોન એપ્સ સામેની તપાસમાં વઝિરએક્સ અવરોધો ઉભા કરતું હોવાનો આરોપ પણ ઇડીએ મૂક્યો છે.

» ઉત્તર જાપાનમાં ઓછામાં ઓછા ત્રણ લોકો ગુમ થયા હતા અને હજારો લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, કારણ કે આ વિસ્તારમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, રસ્તાઓ પર પાણી ભરાયા હતા અને કેટલાક પ્રદેશોમાં નદીઓ છલકાઇ હતી. એનએચકેના જાહેર ટેલિવિઝને જણાવ્યું હતું કે, 24 કલાકમાં બપોરે 1:00 વાગ્યા (0400 જીએમટી) સુધી નિગાટા પ્રાંતના એક ભાગમાં 500 મીમી (19 ઇંચ) થી વધુ વરસાદ પડ્યો હતો, જેના પગલે સત્તાવાળાઓએ કેટલાક વિસ્તારોમાં આપત્તિની ચેતવણીઓના ઉચ્ચતમ સંભવિત સ્તરને જારી કરવા માટે પ્રેરિત કર્યા હતા. જાપાનના નિગાટા પ્રાંતના મુરાકામીમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે કાટમાળ અને નાશ પામેલા મકાનો તસવીરમાં જોવા મળે છે.

દારૂબંધીવાળા બિહારમાં વધુ એક લઠ્ઠાકાંડ: સાતનાં મોત

૧૫ જણા બિમાર, તેમાંથી ૧૦ જણાએ દૃષ્ટિ ગુમાવી

છપરા(બિહાર), તા. ૫: બિહારના સરણ જિલ્લામાં એક શંકાસ્પદ લઠ્ઠા કાંડમાં ઓછામાં ઓછા સાત જણા માર્યા ગયા છે તથા અન્ય ૧૫ જણા બિમાર પડી ગયા છે જેમાંના કેટલાકની દૃષ્ટિ ગઇ હોવાનું અધિકારીઓએ આજે જણાવ્યું હતું.

તે અલબત્ત, જાણી શકાયું નથી આ ઝેરી શરાબનું સેવન ક્યારે કરવામાં આવ્યું કારણ કે ભોગ બનનારાઓના કુટુંબજનો માહિતી આપવા તૈયાર નથી. સરણ જિલ્લાના ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ રાજેષ મીણાએ જણાવ્યું હતું કે જ્યાં કેસો નોંધાયા છે તે તમામ ગામો માકેર પોલીસ મથકની હદમાં આવે છે અને જેઓ ગંભીર રીતે બિમાર પડી ગયા છે તેમાંના ૧૦ કરતા વધુ લોકો અંધ થઇ ગયા છે. પ્રાથમિકપણે એવું લાગે છે કે ગામવાસીઓએ ઝેરી લઠ્ઠો પીધો હતો. પાંચ જણાના અહીં મોત થયા છે જ્યારે બાકીના બેનાં મોત પટના મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં થયા છે. શંકાસ્પદ બુટલેગરોને પકડવા માટે વિવિધ સ્થળે દરોડાઓ પાડવામાં આવી રહ્યા છે એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ખરાબ દિવસો આવી રહ્યા છે: પાકિસ્તાનના નાણા મંત્રીની ચેતવણી

બજેટ ખાધ ખૂબ વધી છે, ત્રણ મહિના સુધી આયાત પર કાપ મૂકાશે

કરાચી, તા. ૫(પીટીઆઇ): પાકિસ્તાનના નાણા મંત્રી મિફતાહ ઇસ્માઇલે આજે જણાવ્યું હતું કે સરકાર આગામી ત્રણ મહિના માટે આયાત પર કાપ મૂકવાનું ચાલુ રાખશે, જ્યારે તેમણે આ નાણાભીડગ્રસ્ત દેશ માટે આગળ ખરાબ દિવસો હોવાની ચેતવણી આપી હતી.

અહીં પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ ખાતે એક સમારંભને સંબોધન કરતા મંત્રીએ કહ્યું હતું કે અગાઉની ઇમરાન ખાનના વડપણ હેઠળની સરકારની આર્થિક નીતિઓને કારણે હાલની શાહબાઝ શરીફના નેતૃત્વ હેઠળની સરકારને સહન કરવું પડે છે. પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ સરકાર વખતે દેશની બજેટ ખાધ ૧૬૦૦ અબજ ડોલર હતી, અને છેલ્લા ચાર વર્ષમાં ઇમરાન ખાનની તેહરીકે ઇન્સાફ પક્ષની સરકારના કાર્યકાળમાં આ ખાધ વધીને ૩૫૦૦ ડોલર થઇ ગઇ છે એ મુજબ તેમને કહેતા જીઓ ટીવીએ ટાંકયા હતા. જો તમે બજેટ ખાધ વધારો અને લોનમાં પણ ૮૦ ટકાનો વધારો કરો તો તેની વિપરીત અસર અર્થતંત્ર પર થાય છે એમ તેમણે કહ્યું હતું. હું ત્રણ મહિના સુધી આયાત થવા નહીં દઉં. આ સમયમાં અમે એક પોલિસી સાથે આગળ આવીશું, હું સમજું છું કે વિકાસ થોડો ઘટશે, પણ મારી પાસે વિકલ્પ નથી એ મુજબ તેમને કહેતા ડોન અખબારે ટાંકયા હતા.

આજે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી: ધનખડની જીત નક્કી

તૃણમૂલ કોંગ્રેસ ચૂંટણીથી દૂર રહેશે

નવી દિલ્હી, તા.૫ બંને ગૃહોના સંસદસભ્યો શનિવારે એક એવી ચૂંટણીમાં ભારતના આગામી ઉપરાષ્ટ્રપતિની પસંદગી માટે મતદાન કરશે, જેમાં એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડનો મુકાબલો વિપક્ષની પસંદી માર્ગારિટ આલ્વા સામે છે. એનડીએની તરફેણમાં સંખ્યાબળ વધતાં પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર ધનખડની આસાન જીત નક્કી છે. મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસે અલ્વાના નામ પર નિર્ણય લેતી વખતે પરામર્શના અભાવનો આરોપ લગાવીને મતદાનથી દૂર રહેવાનો નિર્ણય કર્યો હોવાથી વિપક્ષી એકતામાં તિરાડો દેખાઈ રહી હતી. 80 વર્ષીય આલ્વા કોંગ્રેસના દિગ્ગજ નેતા છે અને તેઓ રાજસ્થાન અને ઉત્તરાખંડના રાજ્યપાલ તરીકે સેવા આપી ચૂક્યા છે, જ્યારે 71 વર્ષીય ધનખડ સમાજવાદી પૃષ્ઠભૂમિ ધરાવતા રાજસ્થાનના જાટ નેતા છે. જોકે, આમ આદમી પાર્ટી અને ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)એ વિપક્ષના ઉમેદવારને પોતાનું સમર્થન આપ્યાના બે દિવસ બાદ શુક્રવારે અલ્વાને પ્રાદેશિક પક્ષ તેલંગાણા રાષ્ટ્ર સમિતિ (ટીઆરએસ)નું સમર્થન મળ્યું હતું. એ.આઈ.એમ.આઈ.એમ.એ પણ અલ્વાને પોતાનો ટેકો આપ્યો છે. જનતા દળ (યુનાઇટેડ), વાયએસઆરસીપી, બસપા, એઆઈએડીએમકે અને શિવસેના જેવા કેટલાક પ્રાદેશિક પક્ષોના સમર્થનથી એનડીએના ઉમેદવારને 515 થી વધુ મતો મળવાની સંભાવના છે, જે તેમના માટે આરામદાયક જીત માટે પૂરતી છે. અલ્વાને અત્યાર સુધીમાં તેની ઉમેદવારી માટે પક્ષોએ જાહેર કરેલા સમર્થનને જોતાં 200થી વધુ મતો મળવાની શક્યતા છે. લોકસભામાં 23 અને રાજ્યસભામાં 16 સાંસદ ધરાવતી તૃણમૂલ કોંગ્રેસે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. જ્યારે શનિવારે સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી મતદાન યોજાશે, ત્યારબાદ તરત જ મતપત્રકોની ગણતરી કરવામાં આવશે. શનિવારે મોડી સાંજ સુધીમાં રિટર્નિંગ ઓફિસર આગામી ઉપપ્રમુખના નામની જાહેરાત કરશે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં નામાંકિત સભ્યો સહિત લોકસભા અને રાજ્યસભાના સભ્યો મતદાન કરવા માટે લાયક છે. હાલના એમ વેંકૈયા નાયડુનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટે સમાપ્ત થાય છે. ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ પણ છે.

મોદીના અધ્યક્ષસ્થાને કાલે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક

જુલાઇ 2019 પછી પહેલીવાર રૂબરૂ બેઠક

નવી દિલ્હી, તા. 5 : સ્થિર, ટકાઉ અને સર્વસમાવેશક ભારતના નિર્માણ તરફના અભિયાનમાં, નીતિ આયોગની સાતમી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક 7મી ઓગસ્ટ 2022ના રોજ યોજાશે અને તે કેન્દ્ર અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સહયોગ અને સહકારના નવા યુગ તરફ તાલમેલનો માર્ગ મોકળો કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર, નવી દિલ્હી ખાતે ગવર્નિંગ કાઉન્સિલની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે. બેઠકના કાર્યસૂચિમાં, પાક વૈવિધ્યકરણ અને તેલીબિયાં અને કઠોળ અને કૃષિ સમુદાયોમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાનો સમાવેશ થાય છે; રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-શાળા શિક્ષણનો અમલ; રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અમલીકરણ - ઉચ્ચ શિક્ષણ; અને શહેરી શાસન.

જુલાઈ 2019 પછી ગવર્નિંગ કાઉન્સિલની આ પ્રથમ વ્યક્તિગત બેઠક હશે. તે ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે આપણે કોવિડ-19 રોગચાળાની પૃષ્ઠભૂમિ સામે અને આવતા વર્ષે G20 પ્રેસિડેન્સી અને સમિટની ભારતની યજમાનીના પ્રકાશમાં અમૃત કાળમાં પ્રવેશ કરીએ છીએ.

torrent POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯ : ૦૦ થી સાંજના ૫ : ૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૮/૦૮/૨૦૨૨, સોમવાર : ગોલ્ડન પ્લાઝા (રાણી તળાવ), અમર જ્યોત (વરાછા)
- ૧૦/૦૮/૨૦૨૨, બુધવાર : હિરા પન્ના (ગોપીપુરા), કૈલાશ એપાર્ટમેન્ટ (એલ.એચ. રોડ), વૃધનાથપુરા-TR-2
- ૧૨/૦૮/૨૦૨૨, શુક્રવાર : આશિર્વાદ ઇન્ડ. નં.૩ (ભમરોલી), સરગમ કોમ્પ્લેક્ષ(વરાછા)
- ૧૩/૦૮/૨૦૨૨, શનિવાર : ભગીરથ નં.૧ (કરંજ)
- ૧૪/૦૮/૨૦૨૨, રવિવાર : એફિલ ટાવર (એલ એચ રોડ)

અસુવિધા બદલ દિલગીર છીએ

વરિષ્ઠ અને વિકલાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે જે મેળવવા કોલ 0261-2551912 અથવા મેઇલ connect.srt@torrentpower.com કરવા વિનંતી

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
સીઆઈએન યુ૪૦૧૦૨જીજે૨૦૦૩એસજીસી ૪૨૯૦૯
વાપી ઔદ્યોગિક વિભાગીય કચેરી
નેશનલ હાઇવે નં ૮, બલીઠા - વાપી ૩૯૬૧૯૧ ગુજરાત
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં ૧૯૧૨૩ અને ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

Azadi Ka Amrit Mahotsav

સંજાણ પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે જોઈએ છે (બીજો પ્રયત્ન)

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની વાપી ઔદ્યોગિક વિભાગીય કચેરી હેઠળની સંજાણ પેટા વિભાગીય કચેરીના નિભાવ માટે તે કચેરીના ખતલવાડા અથવા સંજાણ હદ વિસ્તારમાં કચેરીને લાયક પાકું મકાન ભાડે રાખવા માટે આશરે ૧૨૦૦ થી ૧૬૦૦ ચો. ફુટ કારપેટ એરિયા તેમજ નીચે જણાવેલ સવલત ધરાવતું મકાન ભાડેથી જોઈએ છે.

- ઓફિસ મોકાની જગ્યા પર કોમર્શીયલ હેતુસર મંજૂર થયેલ સંપૂર્ણ હવા ઉજાસવાળી હોવી જોઈએ
- મકાન ભાડા કરારની મુદત ઓછામાં ઓછી પાંચ (૫) વર્ષની રહેશે
- નાયબ ઇજનેર, જુનિયર ઇજનેર, કેશીયર માટે કેબીનની વ્યવસ્થા, કેશીયર કેબીનની બહાર બીલ ભરવા આવનાર ગ્રાહકો માટે શેડની વ્યવસ્થા તથા પુરુષ અને સ્ત્રી સ્ટાફ માટે અલગથી શૌચાલયની વ્યવસ્થા કરવાની રહેશે.
- મકાનમાં સ્ટોર રૂમની જગ્યા મોટી હોવી જરૂરી છે. મકાન બહાર વાહન પાર્કિંગ કંમ્પાઉન્ડ વોલ સાથે આશરે ૧૦૦૦ થી ૧૫૦૦ ચો.ફુટ જગ્યા
- ઓફીસ મકાનના બહારના કંમ્પાઉન્ડમાં ટ્રાન્સફોર્મર લોડીંગ/ અનલોડીંગ કરવા માટે પ્લીન્થ બનાવી શકાય તેવી ખુલ્લી જગ્યા
- રસ ધરાવનાર મકાન માલીક કે સંસ્થાએ વર્તમાનપત્ર માં જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં સીલ બંધ કવરમાં નીચે મુજબની વિગતો સાથેની દરખાસ્ત કાર્યપાલક ઇજનેરશ્રી (સં.અને નિ.), દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., વાપી ઔદ્યોગિક વિભાગીય કચેરી, નેશનલ હાઇવે નં ૮, બલીઠા - વાપીને મળે તે રીતે રજીસ્ટર પોસ્ટ/ સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે. કવર પર **"સંજાણ પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડે રાખવા માટેની દરખાસ્ત"** જરૂર લખવું
- મકાનના બાંધકામ પ્લાન અને સ્થળ દર્શાવતા નકશાની ત્રણ નકલ, માલિકીના પુરાવા તથા એરીયાની સંપૂર્ણ વિગત, મકાન નામે છે તે અંગે મકાનની આકારણી પત્રક વેરા પાવતીની નકલ, દસ્તાવેજની સર્ટીફાઇડ નકલ, ભાગીદારો હોય તો "પાવર ઓફ એટર્ની ની નકલ, પી.ડબલ્યુ.ડી. ભાડા આકારણી કરે તે પ્રમાણે ભાડું લેવા તૈયાર છે તેની વિગત તેમજ મકાનનું ભાડું બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે
- "સ્ટ્રકચરલ સ્ટેબિલીટી સર્ટીફિકેટ માન્ય સ્ટ્રકચરલ એજીનિયરનું વર્ષ ૨૦૨૧-૨૨ ના લેટર પેડ ઉપર, બિલ્ડીંગ યુકિંગ સર્ટીફિકેટ ગ્રામ પંચાયત/નગરપાલિકા સહી સિક્કાવાળું
- મકાનભાડાના દર તેમજ અન્ય શરતો
- સરકારી તેમજ અર્ધસરકારી, ચાલુ સમયનો તેમજ ભવિષ્યમાં ભરવાપાત્ર વેરા ભરવા અંગે ની જવાબદારીની ચોખવટ
- ઇલેક્ટ્રીક વાયરીંગ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાનું રહેશે
- મકાનના રંગરોગાન અને મરામત અંગેની જવાબદારીની ચોખવટ
- ભોંયતળિયાના મકાનને પ્રથમ પસંદગી રહેશે
- કોઇપણ દરખાસ્ત મંજૂર કરવી કે ન કરવી તેની આખરી સત્તા મંજૂર કરનાર અધિકારીની રહેશે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની મંજૂરી મળ્યેથી મકાનનો કબ્જો તરત જ આપવાનો રહેશે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), વાપી ઔદ્યોગિક વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

93 વર્ષની વયે વિંગ વૉક

યુકેના સિરેન્સેસ્ટર ખાતે સુ રાયડર માટે નાણાં એકઠાં કરતાં, બેટ્ટી એક 93 વર્ષીય દાદી, 4 ઓગસ્ટના રોજ બાયપ્લેનની પાંખો પર આકાશમાં ઉતર્યા હતા, અને સંપૂર્ણ લૂપ કર્યું હતું - એક નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પૂર્ણ કર્યો હતો. છેલ્લા 12 મહિનામાં, બેટ્ટીએ પેસમેકર ફીટ કરાવ્યું હતું અને તેના ગળામાં સંધિવા છે તેથી તે હજી પણ આકાશમાં ઊંચે જઈ શકે છે કે કેમ તે અંગે અનિશ્ચિતતા હતી, પરંતુ તેમણે દરેકને સાબિત કરી દીધું કે તેઓ હજી પણ કરી શકે છે.

એલન મસ્કે ટ્વીટર પર વળતો દાવો માંડ્યો: છેતરપિંડીનો આરોપ

ન્યૂયોર્ક, તા. ૫(એપી): એલન મસ્કે ટ્વીટર પર આ સોશ્યલ મીડિયા કંપની સાથેના તેમના ૪૪ અબજ ડોલરના પડતા મૂકાયેલા દાવા અંગેના કાઉન્ટરસ્યુટમાં તેના પર છેતરપિંડીનો આક્ષેપ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું તે ટ્વીટર કંપનીએ જરૂરી માહિતી દબાવી રાખી હતી અને તેના ખરા યુઝર બેઝ અંગે તેમની ટીમને ગેરમાર્ગે દોરી હતી એમ મીડિયા અહેવાલો જણાવે છે. વોશિંગ્ટન પોસ્ટના જણાવ્યા મુજબ આ અબજપતિ અને ટેસ્લા કંપનીના માલિક દ્વારા માંડવામાં આવેલા વળતા દાવામાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ટ્વીટર છેતરપિંડી કરી છે, કરારનો ભંગ કર્યો છે અને ટેક્સાસ સિક્યુરિટીઝ એક્ટનું ઉલ્લંઘન કર્યું છે. મસ્ક દ્વારા આ વળતો દાવો ગયા સપ્તાહે ગુપ્ત રીતે દાખલ કરવામાં આવ્યો હતો અને ડેલાવેર ચાન્સરી કોર્ટમાં ગુરૂવારે મોડેથી એક ફાઇલિંગમાં અનસીલ થયો હતો એ મુજબ વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો હતો.

બૅંક ઑફ બરોડા Bank of Baroda | વિજયા VIJAYA | દેના DENA

ઈ–હરાજી વેચાણ નોટીસ
ઈ–હરાજી : તા.૨૪/૦૮/૨૦૨૨ સમય : બપોરે ૦૨.૦૦ થી સાંજે ૦૬.૦૦

ક્ષેત્રિય કાર્યાલય, સુરત ગ્રામીણ ક્ષેત્ર : પ્લોટ નં.૬બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત–૩૯૫૦૦૭, ફોન : ૦૨૬૧–૨૨૯૪૬૩૧
E-mail : recovery.suratdistrict@bankofbaroda.com

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાવી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાવી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા સ્થાવી/અસ્થાવી મિલકત માટે ઈ–હરાજી દ્વારા વેચાણ.

આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને કરજદાર(ઓ), જામીનદાર(ઓ), મોર્ગેજર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ગેજ/સુરક્ષિત સહર લેણદારને ચાર્જ આપવામાં આવે છે, જેનો કબજો લેવામાં આવ્યો છે. બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયોરડ કેડિટર, નીચે જણાવેલ ખાતા/ખાતામાં બાકી લેણાંની વસૂલાત માટે 'જેમ છે તેમ, જે છે તે છે અને જે કંઈ છે ત્યાં' વેચાવામાં આવશે. ઉધાર લેનાર/મોર્ટગેજર/ગેરંટર/સુરક્ષિત સંપત્તિ/ભાકી/અનામત ભાવ/ઈ–હરાજીની તારીખ અને સમય, ઈએમડીની વિગતો નીચે જણાવેલ છે.

અ. નુ.	શાખા	દેવાદારોનું નામ જામીનદારોનું નામ	મિલકતોનું વર્ણન	બાકી રકમ (લાખમાં)	રીઝર્વ કિંમત (રૂપિયામાં)	ઈએમડી (રૂપિયામાં)	કબજાનો પ્રકાર	મિલકતની ચકાસણી માટે સંપર્ક નામ અને નંબર
૧	પુણા (ડ્રીબીપુણા)	લીંબાસીયા શૈલેષભાઈ મેઘજીભાઈ	પ્લોટ નં.એ/૯૫ (પ્લાન મુજબ પ્લોટ નં.૧૨૬) સૂર્ય દર્શન સાયલન્ટ સીટી, ટાઈપ–એ, ચંદ્ર દર્શન રેસીડન્સી નજીક, કામરેજ–વાવ રોડ, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે.	૪૬.૬૦	રૂા.૨૮,૦૦,૦૦૦	રૂા.૨,૮૦,૦૦૦	પ્રત્યક્ષ કબજો	શ્રી જીતેન્દ્ર મિશ્રા ૯૬૮૭૩ ૪૩૦૬૧
૨	કડોદરા	કાનસિંગ માધુસિંગ પરમાર	પ્લોટ નં.૨૧૬, 'સિદ્ધી વિનાયક રેસીડન્સી' ઈન્ડિયન ઓઈલ પંપ નજીક, બગુમરા, કેનાલ રોડ, બારડોલી રોડ, સુરત ખાતે આવેલ છે.	૨૨.૨૦	રૂા.૭,૬૦,૦૦૦	રૂા.૭૬,૦૦૦	પ્રત્યક્ષ કબજો	શ્રી બ્રિજેશ શ્રીવાસ્તવ ૯૬૮૦૦ ૨૬૭૦૮
૩	બારડોલી મેઈન	સુરેશ ગોરખ શિવારે અને સતીષભાઈ મંગાભાઈ સાઠે	પ્લોટ નં.૪, એમ.એન.પાર્ક, આઈ માતા કોમ્પલેક્ષ નજીક, પટેલ નગર, શાસ્ત્રી રોડ, બારડોલી, તા.બારડોલી, જી.સુરત	૨.૬૮	રૂા.૧૨,૫૦,૦૦૦	રૂા.૧,૨૫,૦૦૦	પ્રત્યક્ષ કબજો	શ્રી સુબોધ પંજીયારા ૯૬૮૦૦ ૨૬૬૧૮
૪	વેલ્દા	વિનોદ સુભાષ વલ્વી	ગ્રામ પંચાયત મિલકત નં.૧૪૪, ઈસાઈ નગર, મહાજન ક્લોર મીલ નજીક, પો. ધનોરા, તા.નંદુરબાર, જી.નંદુરબાર, મહારાષ્ટ્ર	૧૮.૩૨	રૂા.૧૨,૫૦,૦૦૦	રૂા.૧,૨૫,૦૦૦	પ્રત્યક્ષ કબજો	શ્રી કે. અરૂણ રાજ ૬૬૨૪૭ ૪૩૭૬૩

દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ને સરફેસી કાયદા મુજબ ૧૫ દિવસની કાયદાકીય વેચાણ નોટીસ ઈએમડી જમા કરવાની છેલ્લી તારીખ : ૨૪/૦૮/૨૦૨૨ સાંજે ૨.૦૦ વાગ્યા સુધી

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.mstcecommerce.com/auctionhome/ibapi/index.jsp માં આપવામાં આવેલ લિંકનો સંદર્ભ લો.

તા.૦૫/૦૮/૨૦૨૨ | સ્થળ : બેંક ઓફ બરોડા, સુરત (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે) અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.